# ગુજરાતી વિષયમાં ચિત્ર વાર્તા પદ્ધતિની અસરકારકતા

**પ્રા. કૌશિકા એમ. વાઘેલા**
આસિસ્ટન્ટ પ્રોફેસર, શ્રી એસ. આર. પટેલ બી.એડ કોલેજ અણીતા ( કીમ )
મો. 9913343681 E-Mail: kaushika1432@gmail.com

આજની શિક્ષણ પ્રક્રિયામાં વિદ્યાર્થી કેન્દ્ર સ્થાને છે. તેથી વિદ્યાર્થી રસપૂર્વક શિક્ષણ કાર્ય કરી શકે તે માટે શિક્ષકે પોતાના વર્ગખંડને જીવંત બનાવવો પડશે . અને એ માટે શિક્ષકે અધ્યયન અધ્યાપન પદ્ધતિમાં નવીનતા લાવવી જ પડશે . તો શું રૂઢીગત પ્રણાલીથી શિક્ષણ કાર્ય યોગ્ય ગણાય ? આ અંગે વિચાર કરતા સંશોધકના મનમાં ગુજરાતી વિષય શિક્ષણને જીવંત અને રસપ્રદ બનાવવા માટે ચિત્રવાર્તા પદ્ધતિ જેવી નવીન પદ્ધતિથી શિક્ષણ કાર્ય કરવાની ઝંખના નો ઉદ્દગમ થયો . વિદ્યાર્થીની પ્રગતિને માપવાનો છેવટનો એકજ માપદંડ પરીક્ષા હોવાથી પરીક્ષા માટે પરીક્ષા સુધી વાંચવાનું અને પરીક્ષા પછી ભૂલી જવાનું એ વિદ્યાર્થીના સહજ લક્ષણને ટાળવા એટલે કે જીવન પર્યંત યાદ રાખી શકે તે માટે ચિત્રવાર્તા પદ્ધતિ ઉપકરણ બની શકે. ઉપરાંત સંશોધક પોતે અભ્યાસ કરતા હતા તે દરમિયાન તેમને નવીન પદ્ધતિથી શિક્ષણ આપવામાં આવતું ન હતું . તેથી વર્ગખંડ તેમને માટે માત્ર જેલ બની રહેતો અને શિક્ષણ કંટાળાજનક લાગતું હતું. બી.એડ્. દરમિયાન સંશોધકે અનુભવ્યું કે વિવિધ પધ્ધતિઓના વિનિયોગથી શિક્ષણ કાર્ય કરાવવામાં આવે તો વર્ગખંડમાં નાવીન્ય લાવી વિદ્યાર્થીઓની અધ્યયન માટેની અભિરૂચી વધારી શકાય છે. પ્રાથમિક કક્ષા એ થતા અપવ્યય અને સ્થગિતતાના પ્રશ્નોમાં ઘટાડો કરી શકાય છે. સંશોધકને લાગ્યું કે ચિત્રવાર્તાની અસરકારકતા કેવી રહે છે? તે ચકાસવાના હેતુસર સંશોધકે ગુજરાતી વિષયમાં ચિત્રવાર્તા રજૂઆતની રચના કરી તેની અસરકારકતા ચકાસવાનું નિર્ધારિત કર્યું . પ્રસ્તુત સંશોધન કાર્ય પ્રાયોગિક સંશોધન પધ્ધતિએ હાથ ધરવામાં આવ્યું છે. સંશોધન માટે સહેતુક નમુના પદ્ધતિથી કામરેજ તાલુકામાં આવેલી " એમ.એ. આઈ પ્રાથમિક શાળા ખોલવડ '' પસંદ કરી હતી . જ્યાં ધોરણ ૭ ના વિદ્યાર્થીઓ પર ચિત્રવાર્તા પધ્ધતિની અજમાયશ કરવામાં આવી શાળાના કુલ વર્ગોમાંથી બે વર્ગો ની પસંદગી યાદચ્છીક નમુના પસંદગીના આધારે ચિઠ્ઠી ઉપાડ દ્વારા કરી બે જૂથોમાં વિદ્યાર્થીઓને તેમના સિદ્ધી અંકોને આધારે સમકક્ષ ફાળવણી કરી હતી. ઉપકરણો અને માહિતી પૃથક્કરણ તેમજ તારણોની વિગતે ચર્ચા સંશોધન પેપરમાં કરવામાં આવી છે.

ભાષાનો અભ્યાસ કરતા વિદ્યાર્થીને ભાષામાં રસ પડવો જોઈએ. આજ સુધી શિક્ષકો વર્ગખંડમાં માત્ર 'ચોક અને ટોક' પદ્ધતિ ચલાવતા હતા પણ હવે આજે અધ્યયન – અધ્યાપનને અસરકારક બનાવવા માટે વિવિધ પધ્ધતિઓના ઉપયોગ કરવામાં આવે છે. જેવી કે જૂથ ચર્ચા પદ્ધતિ જૂથ અધ્યાપન, સ્વાધ્યાય પદ્ધતિ, પ્રોજેક્ટ, એનિમેશન પદ્ધતિનો

પણ ઉપયોગ કરવામાં આવે છે. ભાષાના શિક્ષકે પ્રત્યેક વિદ્યાર્થી માટે જીવંત અને પ્રત્યક્ષ અનુભવો મહત્વના બની રહે એ માટે ચિત્ર વાર્તા પધ્ધતિથી અભ્યાસ કરાવવામાં આવે તો શું તે વધુ ઉપયોગી થઇ શકે ?

પ્રસ્તુત પ્રશ્નોના ઉત્તર મેળવવા સંશોધકે ચિત્રવાર્તા પદ્ધતિ ની અસરકારકતા તપાસવાના હેતુસર " ધોરણ ૭ ના ગુજરાતી વિષયમાં ચિત્રવાર્તા પદ્ધતિની અસરકારકતા '' એકમ પર સંશોધન હાથ ધર્યું હતું.

**સંશોધનના હેતુઓ :–**

1) ધોરણ ૭ ના ગુજરાતી વિષયમાં ' શોખીન બિલાડી ' એકમ પર ચિત્રવાર્તા તૈયાર કરવી.
2) ધોરણ ૭ ના ગુજરાતી વિષયમાં શોખીનબિલાડી એકમ પર ચિત્રવાર્તાની અજમાયશ કરવી.
3) ધોરણ ૭ ના ગુજરાતી વિષયમાં પ્રાયોગિક જૂથ અને નિયત્રિત જૂથના વિદ્યાર્થીઓના ઉત્તર કસોટી પરના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે તુલના કરવી
4) પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના કુમાંરોના ઉત્તર કસોટી પરના સરાસરી પ્રાપ્તાંકો તુલના કરવી.
5) પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના કન્યાઓના ઉત્તર કસોટી પરના સરાસરી પ્રાપ્તાંકો તુલના કરવી.
6) પ્રાયોગિક જૂથના કુમાંરો અને કન્યાઓના ઉત્તર કસોટી પરના સરાસરી પ્રાપ્તાંકો તુલના કરવી.
7) ચિત્રવાર્તા સંદર્ભે વિદ્યાર્થીઓના અભિપ્રાયોની જાણકારી પ્રાપ્ત કરવી.

**સંશોધનની ઉત્કલ્પના :**

1) પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓના ઉત્તર કસોટીના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે અર્થસૂચક તફાવત જોવા મળશે નહિ.
2) પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના કુમાંરોના ઉત્તર કસોટીના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે અર્થસૂચક તફાવત જોવા મળશે નહિ.
3) પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથની કન્યાઓના ઉત્તર કસોટી પરના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે અર્થસૂચક તફાવત જોવા મળશે નહિ.
4) પ્રાયોગિક જૂથના કુમારો અને કન્યાઓના ઉત્તર કસોટી પરના સરાસરી પ્રપ્તાંકો વચ્ચે અર્થસૂચક તફાવત જોવા મળશે નહિ.

**સંશોધન પદ્ધતિ :**

પ્રસ્તુત સંશોધન કાર્ય પ્રાયોગિક સંશોધન પધ્ધતિએ હાથ ધરવામાં આવ્યું છે. સંશોધકે ' ચિત્રવાર્તા ' દ્વારા પ્રાયોગિક સંશોધન કાર્ય હાથ ધર્યું હતું.

**વ્યાપવિશ્વ અને નમુના પસંદગી :**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે સહેતુક નમુના પદ્ધતિથી કામરેજ તાલુકામાં આવેલી "એમ.એ.આઈ પ્રાથમિક શાળા – ખોલવડ" પસંદ કરી હતી. જ્યાં ધોરણ ૭ ના વિદ્યાર્થીઓ

પર ચિત્રવાર્તા પદ્ધતિ ની અજમાયશ કરવામાં આવી હતી. શાળાના કુલ વર્ગોમાંથી બે વર્ગોની પસંદગી યાદચ્છીક નમુના પસંદગીના આધારે ચિઠ્ઠી ઉપાડ દ્વારા કરી બે જૂથોમાં વિદ્યાર્થીઓને તેમના સિદ્ધિ અંકોને આધારે સમકક્ષ ફાળવણી કરી હતી. તેમાંથી કયો જૂથ પ્રાયોગિક અને કયો જૂથ નિયંત્રિત તેની પસંદગી ચિઠ્ઠી ઉપાડ પદ્ધતિ દ્વારા યાદ્ચ્છીક રીતે કરી હતી.

**ઉપકરણની પસંદગી અને સંરચના :**

1) પ્રયોગ હાથ ધરવા માટેના ઉપકરણ

- ધોરણ અને એકમની પસંદગી, વિષય વસ્તુનું પૃથક્કરણ, ચિત્રો

2) માહિતી એકત્રીકરણના ઉપકરણો

- લક્ષ્ય કસોટી, અભિપ્રાયાવલી

**માહિતી પૃથક્કરણની રીત :**

પ્રસ્તુત સંશોધનમાં પ્રયોગ પરથી પ્રાપ્ત થયેલ માહિતીના પૃથક્કરણ માટે સરાસરી, સરાસરીની પ્રમાણ ભૂલ અને "ટી" મુલ્ય શોધવામાં આવ્યું હતું. અભિપ્રાયાવાલી દ્વારા મેળવેલ અભિપ્રાયોનું પૃથક્કરણ કરવા સરાસરી ગુણભાર ટકાવારી અને કાઈ વર્ગ મૂલ્યનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**સંશોધન યોજના :**

પ્રસ્તુત સંશોધન માટે માત્ર ઉત્તર કસોટી નિયંત્રણ જૂથ સમકક્ષ યોજના પસંદ કરવામાં આવી હતી.

**મુખ્ય પ્રયોગવિધિ :**

નિયંત્રિત જૂથ અને પ્રાયોગિક જૂથની રચના કાર્ય બાદ નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓને "એમ.એ.આઈ પ્રાથમિક શાળા ખોલવડ" વિદ્યાલયના શિક્ષક દ્વારા પરપરાંગત પદ્ધતિથી શોખીન બિલાડી એકમ અંગે શિક્ષણ આપવામાં આવ્યું હતું. અને તે જ વખતે પ્રાયોગિક જુથના વિદ્યાર્થીઓને શોખીન બિલાડી એકમ ચિત્ર વાર્તા દ્વારા અધ્યયન કરાવવામાં આવ્યું હતું. ત્યારબાદ બંને જૂથના વિદ્યાર્થીઓને ઉત્તર કસોટી આપવામાં આવી હતી. અને અંતે ચિત્રવાર્તા આધારિત અધ્યયન અંગે અભિપ્રાયો જાણવા માટે પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓને અભિપ્રાયાવલિ આપવામાં આવી હતી.

**સંશોધનના તારણો :**

પ્રયોગ આધારિત પ્રાપ્ત થયેલા તારણો

1) પ્રાયોગિક કાર્ય વિશેષ ફળદાયી સિદ્ધિ થઇ શક્યું હતું અને જે અધ્યાપન કાર્ય કરાવાવમાં આવ્યું હતું જે વિશેષ રસપ્રદ અને ઉચ્ચ સિદ્ધિ દર્શાવતું જોવા મળ્યું હતું.
2) ધોરણ ૭ ના કુમારો પર ચિત્રવાર્તા પદ્ધતિ દ્વારા થતા શિક્ષણકાર્ય એ પરપરાંગત પદ્ધતિ દ્વારા થતા શિક્ષણ કાર્ય કરતા વધુ અસરકારક રહ્યું હતું .
3) શોખીન બિલાડી એકમના અધ્યાપન માટે પરંપરાગત પધ્ધતિ કરતા ચિત્રવાર્તા દ્વારા કરાવાયેલ અધ્યપન પ્રાયોગિક જૂથ માટે અસરકારક રહ્યુ હતું

4) પ્રાયોગિક જૂથના કુમાર અને કન્યાઓ માટે ચિત્રવાર્તા પદ્ધતિની અસરકારકતા સમાન રહી.

**અભિપ્રાયાવલી પર પ્રાપ્ત થયેલા અભિપ્રાયો પરના તારણો :**

1) ચિત્રવાર્તાથી અધ્યપન રસપદ બન્યું હતું.
2) ચિત્રવાર્તા દ્વારા જીજ્ઞાસાવૃતી સતેજ બની શકી હતી.
3) શોખીન બિલાડીની વાર્તા ચિત્રવાર્તા દ્વારા ભણવાથી યાદ રાખવાનું સરળ બન્યું હતું.
4) ચિત્રવાર્તા દ્વારા ગુજરાતી ભાષા શીખવાનો પ્રથમ પ્રસંગ હતો
5) પ્રણાલીકાગત શિક્ષણ કરતા ચિત્રવાર્તા દ્વારા ભણવાનું વિદ્યાર્થીઓને ગમ્યું હતું
6) ચિત્રવાર્તાથી "શોખીન બિલાડી" વાર્તાની નાની નાની બાબતો સરળતાથી સમજી શકતા હતા.
7) ચિત્રવાર્તા દ્વારા ભણવાથી વાર્તા ગોખવાની જરૂર નથી
8) ચિત્રવાર્તા પદ્ધતિથી ભણવામાં વધુ સમય જતો નથી.
9) ચિત્રવાર્તાથી વાર્તા સમજપૂર્વક વિદ્યાર્થીઓ યાદ રાખી શકશે.
10) ચિત્રવાર્તાથી ભણવાથી મુદ્દા વિદ્યાર્થીઓ લાંબા સમય સુધી યાદ રાખી શકશે.
11) ચિત્રવાર્તા પદ્ધતિ અધ્યયન માટે સારી પ્રેરણા આપે છે.
12) ચિત્રવાર્તા દ્વારા વિદ્યાર્થીઓની અવલોકન શક્તિ વિકાસ પામી હતી.
13) શાળાના વિષય શિક્ષક દ્વારા અપાતા શિક્ષણ કરતા ચિત્રવાર્તા પદ્ધતિ રસપ્રદ લાગી.
14) સમગ્ર વાર્તાને સરળ ભાષામાં રજુ કરવામાં આવી હતી.
15) ગુજરાતી વિષયમાં આવતી અન્ય વાર્તાઓ પણ ચિત્રવાર્તા દ્વારા ભણાવાય એમ વિદ્યાર્થીઓ ઈચ્છતા હતા.
16) વિદ્યાર્થીઓને બીજા વિષયોનું શિક્ષણ પણ ચિત્રવાર્તા દ્વારા શીખવાનું ગમશે.

**સંદર્ભ :**


આચાર્ય મોહિની (૨૦૦૯). શિક્ષણમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર, અમદાવાદ: અક્ષર પબ્લિકેશન.

ઉચાટ , ડી.એ. (૧૯૯૭) સામાજિક શાસ્ત્રોમાં સંશોધન સમસ્યા પસંદગીના સેધ્ધાંતિક અને વ્યવહારુ આધારો, રાજકોટ: પારસ પ્રકાશન

દેસાઈ, એચ.જી. અને દેસાઈ કે.જી. (૧૯૯૭) સંશોધન પદ્ધતિઓ અને પદ્ધતિઓ ( છટ્ઠી આવૃત્તિ ) અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.

પટેલ , આર. એસ. (૨૦૦૯). શેક્ષણીક સંશોધન માટે આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓ ( બીજી આવૃત્તિ) અમદાવાદ: જય પબ્લીકેશન ૧૦૨–૧૦૩ કામધેનું ફ્લેટસ , મહાદેવવાડી પાસે, ઓગણજ.

શાહ , ડી બી ( ૨૦૦૪ ) શૈક્ષણિક સંશોધન, અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ ગુજરાત.